# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૧૫.૦૪.૨૦૧૯

## રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ દ્વારા જુનાગઢ લોકસભા વિસ્તારના કોડીનાર ખાતે જંગી જનસભાને સંબોધન

-----------

### અહીં સાવજ પણ મળે ને સાવજ જેવા માણસો પણ મળે.
### આવા ખરા સાવજોના ક્ષેત્રમાં આજે મને પ્રચંડ ઉર્જાની અનૂભુતિ થઇ રહી છે - શ્રી અમિતભાઇ શાહ

-----------

કોંગ્રેસના નેતાઓ પાકિસ્તાન અને આતંકવાદીઓને છાવરતાં નિવેદનો આપી રહ્યા છે.
રાહુલ ગાંધી તમે આતંકવાદીઓ સાથે ઈલું ઈલું કરો છો ત્યારે
ભાજપાની નીતિ સ્પષ્ટ છે કે, પાકિસ્તાન તરફથી ગોળી આવશે તો ભારત તરફથી તોપનો ગોળો જશે - શ્રી અમિતભાઇ શાહ

-----------

કોંગ્રેસ જો ચૂંટણી જીતે તો ઇ.વી.એમ. સારા અને હારે તો ઇ.વી.એમ. ખરાબ.
આ વખતે તો નિર્ણય પહેલાં જ કોંગ્રેસ ઈવીએમ-ઈવીએમ કરીને બૂમો પાડી રહી છે જેથી સ્પષ્ટ છે કે, કોંગ્રેસ હાર સ્વીકારી ચૂકી છે - શ્રી અમિતભાઇ શાહ

-----------

કોંગ્રેસના સાથી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે દેશમાં બે પ્રધાનમંત્રી હોવા જોઈએ.
શું રાહુલ ગાંધી તમે ઓમર અબ્દુલ્લાના આ નિવેદન સાથે સહમત છો ? - શ્રી અમિતભાઇ શાહ

-----------

ભાજપાના એક-એક કાર્યકર્તામાં જીવ છે ત્યાં સુધી કાશ્મીરને ભારતથી કોઈ અલગ નહીં કરી શકે કોંગ્રેસ જીત માટે અને વોટબેંકની રાજનીતિ માટે દેશની એકતા અખંડિતતા સાથે ચેડા કરતા ખચકાતી નથી. - શ્રી અમિતભાઇ શાહ

-----------

### આઝમખાને શ્રીમતી જયાપ્રદા પર જે હલકી કક્ષાની ટિપ્પણી કરી છે
### તે આ દેશની માતૃશક્તિ અને મહિલા શક્તિનું ઘોર અપમાન છે - શ્રી અમિતભાઇ શાહ

-----------

છેલ્લા પાંચ વર્ષમાં જનભાગીદારીથી ચાલતી એક મજબૂત અને નિર્ણાયક સરકાર વિશ્વએ ભારતમાં જોઇ છે.
પ્રજાએ નક્કી કરવાનું છે કે, ઈમાનદાર ચોકીદાર જોઈએ કે ભ્રષ્ટાચારી નામદાર - શ્રી અમિતભાઇ શાહ

-----------

આજે સમગ્ર ભારતભરમાં એક જ વાત ગુંજી રહી છે કે, દેશના એકમાત્ર સુકાની...એટલે...મોદી...મોદી...ને...મોદી...
આ દેશવ્યાપી પ્રતિસાદ ભાજપાની લોકકલ્યાણકારી અને જનહિતકારી વિચારધારા અને પ્રજાલક્ષી સરકારના નિર્માણ માટેનો વિચાર દ્રઢ બનાવે છે – શ્રી અમિતભાઇ શાહ

-----------

હૈદરાબાદ અને જૂનાગઢ શ્રી સરદાર પટેલના મક્કમ મનોબળ અને અવિરત પ્રયાસોના કારણે ભારતમાં વીલીન થઇ ગયા જ્યારે કાશ્મીરનો પ્રશ્ન આજે પણ દેશ સમક્ષ યથાવત છે. આનાથી સ્પષ્ટ છે, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને જવાહરલાલ નહેરૂની વિચારસરણી અને કાર્યપધ્ધતિમાં કેટલો ફરક હતો – શ્રી અમિતભાઇ શાહ

-----------

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




આજરોજ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનું જુનાગઢ લોકસભા વિસ્તારના કોડીનાર ખાતે યોજાયેલ જનસભામાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તા ભાઇ-બહેનોએ પુષ્પવર્ષા કરી શ્રી અમિતભાઇ શાહનું સ્વાગત અને અભિવાદન કર્યુ હતુ. "ભારત માતા કી જય" અને "વંદે માતરમ્"ના નાદથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બન્યુ હતુ. શ્રી અમિતભાઇ શાહનું અભિવાદન કરવા માટે નાગરિકો સ્વયંભૂ ઉમટી પડ્યા હતા.

આ વિજય સંકલ્પ સભામાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે જણાવ્યુ હતુ કે, દેશભરમાં ભ્રમણ કરતો-કરતો આજે હું સોમનાથની પવિત્ર ધરતી પર આવ્યો છું. યુગ યુગાંતરથી સોમનાથ જ્યોતિર્લિંગ મહાદેવના આશીર્વાદ આ વિસ્તારમાં અવિરતપણે  વરસતા રહ્યા છે. મારી આસ્થાનું કેન્દ્રબિંદુ હંમેશા સોમનાથ જ્યોર્તિલિંગ મહાદેવ રહ્યું છે. મારા જેવા સોમનાથ મહાદેવના અનેક ભક્તોના જીવનમાં પ્રભુ સોમનાથે પ્રકાશ રેલાવ્યો છે અને એટલે જ હું ભગવાન સોમનાથ મહાદેવના ચરણોમાં વંદન કરી મારી વાતની શરૂઆત કરવા માંગુ છું.

શ્રી શાહે જણાવ્યુ હતુ કે, સમગ્ર એશિયામાં એકમાત્ર એશિયાઇ સિંહોનું રહેઠાણ સાસણ ગીર છે, તે આપણું ગૌરવ છે. અહીં સાવજ પણ મળે ને સાવજ જેવા માણસો પણ મળે. આવા ખરા સાવજોના ક્ષેત્રમાં આજે મને પ્રચંડ ઉર્જાની અનૂભુતિ થઇ રહી છે. જ્યારે જ્યારે આપણે આકાશમાં સોમનાથ જ્યોતિર્લિંગની ધ્વજા ફરકતી જોઈએ ત્યારે-ત્યારે એક જ વિચાર આવે કે, જો શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ન હોત તો સોમનાથ મંદિર આજે પાકિસ્તાનમાં હોત. સરદાર સાહેબના સાતત્યપૂર્ણ પ્રયાસોના કારણે જુનાગઢ ભારતનો અભિન્ન હિસ્સો છે. ભારતના આઝાદ થયા બાદ જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીરના ક્ષેત્રમાં પ્રશ્નો ઊભા થયા હતા. હૈદ્રાબાદ અને જૂનાગઢની સમસ્યાઓ શ્રી સરદાર પટેલે સંભાળી હતી અને કાશ્મીરની સમસ્યા કોંગ્રેસના જવાહરલાલ નહેરુએ સંભાળી હતી. હૈદરાબાદ અને જૂનાગઢ શ્રી સરદાર પટેલના મક્કમ મનોબળ અને અવિરત પ્રયાસોના કારણે ભારતમાં વીલીન થઇ ગયા જ્યારે કાશ્મીરનો પ્રશ્ન આજે પણ દેશ સમક્ષ યથાવત છે. આનાથી સ્પષ્ટ છે, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને જવાહરલાલ નહેરૂની વિચારસરણી અને કાર્યપધ્ધતિમાં કેટલો ફરક હતો.

કોઈપણ સરકારની સૌથી મોટી જવાબદારી દેશને સુરક્ષિત રાખવાની હોય છે. પુલવામામાં આતંકવાદીઓના શરમજનક કૃત્યથી દેશના ૪૦ જવાનો શહીદ થયા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકીય ઇચ્છાશક્તિ દર્શાવી ત્યારે ભારતીય એરફોર્સના લડાકુ વિમાનોએ પાકિસ્તાનમાં ઘુસીને આતંકવાદીઓના કુરચે કુરચા ઉડાવવાનું કાર્ય કર્યું છે. એરસ્ટ્રાઈક બાદ સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ હતો. ભારતના વીર જવાનોની શહાદતનો જડબાતોડ જવાબ આપવા બદલ દેશભરમાંથી ભારતીય સૈન્ય પર અભિનંદનની વર્ષા થઇ રહી હતી. જ્યારે બીજી તરફ પાકીસ્તાન છાતી પીટીને રડી રહ્યું હતું ત્યારે કોંગ્રેસમાં જાણે પોતાનો જણ ગુમાવ્યો હોય એમ માતમ છવાઈ ગયો હતો. પાકિસ્તાન જેવો માહોલ કોંગ્રેસમાં પણ જોવા મળ્યો હતો. કોંગ્રેસના નેતાઓ પાકિસ્તાન અને આતંકવાદીઓને છાવરતાં નિવેદનો આપી રહ્યા છે. રાહુલ ગાંધી તમે આતંકવાદીઓ સાથે ઈલું ઈલું કરો ત્યારે ભાજપાની નીતિ સ્પષ્ટ છે કે, પાકિસ્તાન તરફથી ગોળી આવશે તો ભારત તરફથી તોપનો ગોળો જશે, શ્રી નરેન્દ્રભાઈ મોદી સિવાય આ દેશને કોઈ સુરક્ષા આપી શકે તેમ નથી.

શ્રી શાહે જાહેર મંચ પરથી રાહુલ ગાંધીને વેધક પ્રશ્ન પુછતા જણાવ્યું હતુ કે, કોંગ્રેસના સાથી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે દેશમાં બે પ્રધાનમંત્રી હોવા જોઈએ. શું રાહુલ ગાંધી તમે ઓમર અબ્દુલ્લાના આ નિવેદન સાથે સહમત છો? ભાજપાના એક-એક કાર્યકર્તામાં જીવ છે ત્યાં સુધી કાશ્મીરને ભારતથી કોઈ અલગ નહીં કરી શકે કોંગ્રેસ જીત માટે અને વોટબેંકની રાજનીતિ માટે દેશની એકતા અખંડિતતા સાથે ચેડા કરતા ખચકાતી નથી.

કોંગ્રેસ જો ચૂંટણી જીતે તો ઇ.વી.એમ. સારા અને હારે તો ઇ.વી.એમ. ખરાબ. આ વખતે તો નિર્ણય પહેલાં જ કોંગ્રેસ ઈવીએમ-ઈવીએમ કરીને બૂમો પાડી રહી છે જેથી સ્પષ્ટ છે કે, કોંગ્રેસ હાર સ્વીકારી ચૂકી છે.

આઝમખાને શ્રીમતી જયાપ્રદા પર જે હલકી કક્ષાની ટિપ્પણી કરી છે તે આ દેશની માતૃશક્તિ અને મહિલા શક્તિનું ઘોર અપમાન છે. આ અપમાન ફક્ત જયાપ્રદાનું નહીં પરંતુ દેશની તમામ મહિલાઓનું છે. આ પ્રકારની ટિપ્પણી આઝમખાનની હલકી માનસિકતા પ્રદર્શિત કરે છે. સમાજવાદી પાર્ટી - બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસને પુછવા માંગુ છું કે શું તમે આઝમખાનથી સહમત છો? ચૂંટણી જીતવા માટે આવી હલકી-અભદ્ર ભાષાનો પ્રયોગ શોભનીય નથી. આઝમખાન અને ગઠબંધને દેશની કરોડો મહિલાઓની માફી માગવી જોઇએ.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી શાહે જણાવ્યુ હતુ કે, દેશભરમાં પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ ભ્રમણ કરતા-કરતા આજે હું જુનાગઢ જીલ્લામાં છું. બંગાળ હોય... કર્ણાટક હોય... મહારાષ્ટ્ર હોય... કેરળ હોય... ઓરિસ્સા હોય... દિલ્હી હોય... પૂર્વોત્તરના રાજ્યો હોય... ઉત્તરપ્રદેશ હોય... બિહાર હોય... કે દેશનું કોઈપણ રાજ્ય હોય, આજે સમગ્ર ભારતભરમાં એક જ વાત ગુંજી રહી છે કે, દેશના એકમાત્ર સુકાની...એટલે...મોદી...મોદી...ને...મોદી... સમગ્ર દેશની જનતાએ નિર્ણય કરી લીધો છે, ચૂંટણીના પરિણામો સુનિશ્ચિત થઇ ચૂક્યા છે, દેશની જનતા આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરી એકવાર પ્રધાનમંત્રી બનાવવા માટે તત્પર છે. સમગ્ર દેશમાં ચૂંટણી પ્રચાર અર્થે મારા પરિભ્રમણ દરમ્યાન જે લોકજુવાળ અને સ્વંભૂ પ્રતિસાદ મળી રહયો છે. આ દેશવ્યાપી પ્રતિસાદ ભાજપાની લોકકલ્યાણકારી અને જનહિતકારી વિચારધારા અને પ્રજાલક્ષી સરકારના નિર્માણ માટેનો વિચાર દ્રઢ બનાવે છે.

ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં દરિયાકાંઠાના વિસ્તારના વિકાસને અવગણવામાં આવતો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દરિયાકાંઠાના વિસ્તારનો વિકાસ કરવા માટે પ્રતિબદ્ધ છે. ગત ઓગસ્ટ મહિનામાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂનાગઢમાં દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવીને જૂનાગઢના તમામ પશુપાલકો માટે આવકનું એક નવું સાધન ઉભું કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નવા કેમ્પસની શરૂઆત કરવામાં આવી છે નવી સિવિલ હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. દેશના લોહપુરુષ એવા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''નું નિર્માણ કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. આગામી સમયમાં વિશ્વભરના પ્રવાસીઓ માટે આ સ્થળ આકર્ષણનું કેન્દ્ર બનવાનું છે. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવા અને તેમની જીવનગાથા નિહાળવા લોકો પધારવાના છે.

રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, દેશની પ્રથમ બુલેટ ટ્રેન ગુજરાતમાં દોડશે, દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી પણ ગુજરાતને મળી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને ૧૨૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમની ફાળવણી કરી રાજકોટમાં એઈમ્સ આપી છે. સૌરાષ્ટ્રના દર્દીઓને હવે ઉચ્ચ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુધી જવું નહીં પડે. વિશ્વકક્ષાની અદ્યતન સવલતો સાથે સજ્જ એઈમ્સ સૌરાષ્ટ્રના દર્દીઓ માટે વરદાનરૂપ બનશે. આ ઉપરાંત આગામી સમયમાં અમદાવાદ મેટ્રો અને સુરત મેટ્રોથી નગરજનોનું આવાગમન ઝડપી અને સરળ બનશે. ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને અનેકવિધ યોજનાઓનો લાભ આપ્યો છે.

જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ''સૌની યોજના''ની વાત કરેલી ત્યારે કોંગ્રેસ તેની મજાક ઉડાવતી હતી અને કહેતી હતી કે, આ તો શક્ય જ નથી. પણ જ્યારે આજે ''સૌની યોજના''થી સૌરાષ્ટ્રના રાજકોટના છેવાડાના ગામોમાં જ્યારે ખેડૂતોના ઘર અને ખેતર સુધી પાણી મળવાનું શરૂ થઈ ગયું છે ત્યારે કોંગ્રેસીઓના મોઢા સિવાઇ ગયા છે.

આ ચૂંટણીમાં સ્પર્ધા કોની વચ્ચે છે? એક તરફ રાષ્ટ્રવાદી વિચારધારા અને બીજા છેડે પરિવારવાદ. દેશની જનતા પરિવારવાદને પોષનારા રાષ્ટ્રવિરોધી પરિબળોને સુપેરે ઓળખી ગઇ છે.

છેલ્લા પાંચ વર્ષમાં જનભાગીદારીથી ચાલતી એક મજબૂત અને નિર્ણાયક સરકાર વિશ્વએ ભારતમાં જોઇ છે. પ્રજાએ નક્કી કરવાનું છે કે, ઈમાનદાર ચોકીદાર જોઇએ કે ભ્રષ્ટાચારી નામદાર. સમગ્ર દેશની જનતા જ્યારે શ્રી નરેન્દ્રભાઈને પ્રધાનમંત્રી બનાવવા માટે આતુર હોય ત્યારે ગુજરાત કેમ પાછળ રહે? મને વિશ્વાસ છે કે ગુજરાતની જનતા તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાના ઉમેદવારોને ભવ્ય વિજય અપાવીને તમામ ૨૬ બેઠકો શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઝોળીમાં અર્પણ કરશે તેમ શ્રી શાહે અંતમાં જણાવ્યુ હતુ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૧૫.૦૪.૨૦૧૯

-----------

**ગામડું એ ભારતનો આત્મા છે એ મંત્ર સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર ગામડું, ગરીબ અને ખેડૂતોની સમૃધ્ધી માટે કટીબધ્ધતાથી કાર્ય કરી રહી છે. - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યાં બાદ સરપંચોને વિકાસ કામો માટે લાખો રૂપિયાની ફાળવણી કરવામાં આવે છે, દર વર્ષે ૨ લાખ કરોડ રૂપિયા ગામડાંઓના વિકાસ માટે દેશભરના સરપંચોને મોકલવામાં આવે છે. તેથી ગામડાંઓનો ખૂબ જ સારો વિકાસ થયો છે - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

-----------

**કોંગ્રેસ માત્ર બિન જરૂરી વિવાદો ઉભા કરી પ્રજામાં ભ્રમ ફેલાવીને વોટબેંકની રાજનીતી કરી રહી છે - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

-----------

**કોંગ્રેસની સરકારો વખતે સરકારમાંથી ૧૦૦ રૂપિયા લેવાના હોય તો ખેડૂતોના બે જોડી ચપ્પલ ઘસાઈ જતાં હતાં, તેના બદલે હવે, માત્ર એક જ મિનીટમાં તેમના ખાતામાં રૂપિયા જમા થઈ જાય છે - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

-----------

**દલાલોને દૂર કરીને પૂરેપૂરા રૂપિયા ખેડૂતોને મળે તેની ચોક્કસાઈ એકમાત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ રાખી છે - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

-----------

**૧૦૮ની સેવા સૌને માટે દેવદૂત જેવી બની રહી છે. આ સેવા થકી અનેક દર્દીઓના જીવ બચાવવામાં સફળતા મેળવી છે - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

-----------

**એક સમયની રાષ્ટ્રીય પાર્ટી કોંગ્રેસ આજે પ્રાદેશીક પાર્ટી જેવી બની ગઈ છે, હવે આ ચૂંટણી પૂરી થયા પછી દેશમાં કોઈ તેનો ભાવ પણ નહીં પૂછે - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

-----------

આજરોજ સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવારશ્રી દિપસિંહ રાઠોડના સમર્થનમાં કેન્દ્રિય કૃષિ રાજ્યમંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ ઈડર વિધાનસભા ક્ષેત્રમાં એક વિશાળ જનમેદનીને સંબોધતાં જણાવ્યું હતું કે, ગામડું એ ભારતનો આત્મા છે એ મંત્ર સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર ગામડું-ગરીબ અને ખેડૂતોની સમૃધ્ધી માટે કટીબધ્ધતાથી કાર્ય કરી રહી છે. ભારતમાં ૨.૫ લાખ ગ્રામ પંચાયતો છે. આ ગ્રામ પંચાયતોને કોંગ્રેસની સરકાર વખતે સરપંચોને કોઈ મોટું બજેટ ફાળવવામાં આવતું ન હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યાં બાદ સરપંચોને વિકાસ કામો માટે લાખો રૂપિયાની ફાળવણી કરવામાં આવે છે, દર વર્ષે ૨ લાખ કરોડ રૂપિયા ગામડાંઓના વિકાસ માટે દેશભરના સરપંચોને મોકલવામાં આવે છે. તેથી ગામડાંઓનો ખૂબ જ સારો વિકાસ થયો છે અને હું સરપંચોનો મંત્રી છું તેથી આ વાત સારી રીતે જાણું છું. કોંગ્રેસ માત્ર બિનજરૂરી વિવાદો ઉભા કરી પ્રજામાં ભ્રમ ફેલાવીને વોટબેંકની રાજનીતી કરી રહી છે. તમે કોંગ્રેસને સાચી રીતે ઓળખો એ કહેવા માટે જ હું અહીં આવ્યો છું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કિસાનો માટે કિસાન સન્માન નિધી યોજના અમલમાં મૂકી, ત્યારે તેઓ એક કાર્યક્રમમાં ટેબ્લો બતાવી જગતના તાતના ખાતામાં પૈસા કેવી રીતે ટ્રાન્સફર આપવામાં આવે છે, તેની વિગતો રજૂ કરી હતી. ભારતના એક કરોડ ખેડૂતોના ખાતામાં પ્રથમ હપ્તારૂપે બે હજાર રૂપિયા તરત જ જમાં થઈ ગયાં. કોંગ્રેસની સરકારોમાં સરકારમાંથી ૧૦૦ રૂપિયા લેવાના હોય તો ખેડૂતોના બે જોડી ચપ્પલ ઘસાઈ જતાં હતાં, તેના બદલે હવે માત્ર એક જ મિનીટમાં તેમના ખાતામાં રૂપિયા જમા થઈ જાય છે. દલાલોને દૂર કરીને પૂરેપૂરા રૂપિયા ખેડૂતોને મળે તેની ચોક્કસાઈ એકમાત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




રાખી છે. આપણે ખેડૂતોના ખાતામાં વાર્ષિક ૬ હજાર રૂપિયા જમા કરાવ્યાં ત્યારે કોંગ્રેસે કહ્યું કે, આ બહુ મામુલી રકમ છે. હું કોંગ્રેસને જણાવું છું કે, ૬૦ વર્ષ તમે રાજ કર્યું ક્યારેય તમે સવા રૂપિયો પણ ગરીબના ખાતામાં જમા કરાવ્યો છે ?

શ્રી રૂપાલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિકાસ કામોની વાતો કરવા બેસું તો એક અઠવાડીયા પણ ઓછું પડે. ભાજપા સરકાર દેશના લોકોના સુખ દુ:ખમાં ભાગીદાર કેવી રીતે બને છે, તેની વાત કરવી છે. વ્યક્તિને હાર્ટ એટેક આવે તો તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડે છે પરંતુ જ્યારે હોસ્પિટલનું બિલ આવે છે ત્યારે દર્દીની સાથે રહેલી વ્યક્તિને બિલ જોઇને એટેક આવી જાય છે. આની ચિંતા આજસુધીમાં કોઇપણ રાજકીય નેતાઓએ કરી નથી. શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતમાં હતાં ત્યારે આ અંગેની ચિંતા કરીને માં અમૃતમ કાર્ડ તથા માં વાત્સલ્ય કાર્ડ જેવી યોજનાઓ શરૂ કરી, જેમાં આવા ગંભીર પ્રકારના રોગોથી પિડાતા દર્દીઓને રૂપિયા ૩ લાખ સુધીની તેમજ તેઓ વડાપ્રધાન બન્યાં બાદ આયુષ્યમાન યોજના અંતર્ગત રૂપિયા ૫ લાખ સુધીની તબીબી સહાય આપવાનું નક્કી કર્યું છે. પહેલાં અકસ્માત થતો ત્યારે ઘાયલ વ્યક્તિને પોલીસ કાર્યવાહીને કારણે કોઇ હોસ્પિટલ લઇ જતું ન હતું, હવે ૧૦૮ની સેવા સૌને માટે દેવદૂત જેવી બની રહી છે. આ સેવા થકી અનેક દર્દીઓના જીવ બચાવવામાં સફળતા મેળવી છે.

કોંગ્રેસના શાસનમાં એક સંસદસભ્યને વર્ષ દરમ્યાન ૨૫ ગેસ કનેકશનની કુપન આપવામાં આવતી હતી. આ કુપનોમાં પણ કોંગ્રેસના મળતિયાઓ રૂપિયા ખંખેરવાનું કામ કરતાં હતાં. જ્યારે દેશમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યાં બાદ રસોઇ માટે ચૂલો સળગાવતી બહેનોના આરોગ્યની ચિંતા કરી ઉજ્જવલા યોજના અમલમાં મૂકી, આ યોજના અંતર્ગત ૫ કરોડ ગેસના કનેક્શન મફતમાં આપવામાં આવ્યાં.

શ્રી રૂપાલાએ અંતમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ કહે છે કે અમારી સરકાર બનશે તો રાહુલ ગાંધી વડાપ્રધાન બનશે. બે દિવસ પહેલાં જ શ્રી શરદ પવારે કહી દિધુ કે રાહુલ ગાંધી વડાપ્રધાનની હરીફાઇમાં નથી. કોંગ્રેસ માટે તો ઢાંકણીમાં પાણી લઇને ડૂબી મરવા જેવું છે.

શ્રી રૂપાલાએ જણાવ્યું હતું કે, મારી આગાહી છે કે એક સમયની રાષ્ટ્રીય પાર્ટી કોંગ્રેસ આજે પ્રાદેશીક પાર્ટી જેવી બની ગઇ છે, હવે આ ચૂંટણી પૂરી થયા પછી દેશમાં કોઇ તેનો ભાવ પણ નહીં પૂછે. કોંગ્રેસ પાસે નેતા નથી અને નિયત પણ નથી. જ્યારે ભાજપા પાસે દુનિયામાં ડંકો વગાડે એવા સબળ અને સક્ષમ નેતૃત્વ આપી શકે તેવા શ્રી નરેન્દ્રભાઇ મોદી છે. આ દેશને સ્વરાજ અપાવવા માટે આઝાદી પહેલાં ગુજરાતના બે સપૂતો મહાત્માં ગાંધી અને સરદાર પટેલની જોડી હતી, હવે દેશમાં સુશાસન માટે શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહની જોડી છે. આ જોડીને મજબૂત કરવા આપણે સાબરકાંઠામાંથી કમળનું ફૂલ ખીલવીને દિલ્હી મોકલવું છે અને દેશમાં આ કમળ સોળે કળાએ ખીલી ઉઠશે તેવી મને પૂર્ણ શ્રધ્ધા છે.

સાબરકાંઠાના ઇડર વિધાનસભા ક્ષેત્રમાં યોજાયેલ આ વિશાળ જનસભામાં લોકસભાના ઉમેદવાર શ્રી દિપસિંહભાઇ રાઠોડ, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી શ્રી રમણભાઇ વોરા, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, લોકસભા બેઠકના ચૂંટણી ઇન્ચાર્જશ્રી, પ્રદેશ સંગઠનના હોદેદારો, જિલ્લા સંગઠનના હોદેદારો અને વિશાળ સંખ્યમાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ